**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==================================================

## ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ ખાતે

## આર/સ્પેશિયલ ક્રિમિનલ અપ્લિકેશન નં. ૧૪૦૦/૨૦૧૫

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય ન્યાયમૂર્તિ ડૉ. એ.પી. ઠાકર**

==================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક અખબારોના રીપોર્ટર્સને ચુકાદો જોવાની મંજૂરી છે? | હા |
| ૨ | રીપોર્ટરને મોકલવામાં આવે કે નહીં? | હા |
| ૩ | શું ન્યાયમૂર્તિઓ ચુકાદાની આખરી નકલ જોવા માંગે છે? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતીય બંધારણ અથવા તે હેઠળ કરવામાં આવેલ કોઈ હુકમના અર્થઘટન અંગે કાયદાનો કોઈ નોંધપાત્ર પ્રશ્ન સમાયેલ છે? | ના |

==================================================

## ડોલીબેન કાંતિલાલ પટેલ

**વિરુદ્ધ**

**ગુજરાત રાજ્ય અને ૧ અન્ય**

==========================================================

**ઉપસ્થિતિ:**

અરજદાર(ઓ) નં. ૧ તરફથી શ્રી જે.એસ. ઉનવાલા વિથ શ્રી પાર્થ કોન્ટ્રાક્ટર(૭૧૫૦)

સામાવાળા(ઓ) નં. ૨ તરફથી શ્રી ભરત જાની(૩૫૨) વિથ સુશ્રી મોહિની ભાવસાર

સામાવાળા(ઓ) નં. ૧ તરફથી સુશ્રી મોનાલી ભટ્ટ, અધિક સરકારી વકીલ(૨)

==========================================================

**કોરમ: માનનીય ન્યાયમૂર્તિ ડૉ. એ.પી. ઠાકર**

**તારીખ : ૧૦/૦૬/૨૦૧૯**

## સીએવી ચુકાદો

૧.

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ અને ૨૨૭ તેમજ ક્રિમિનલ પ્રોસીજર કોડ,

૧૯૭૩ (સંક્ષિપ્તમાં, 'કોડ') ની કલમ ૪૮૨ હેઠળ આ પિટિશન દાખલ કરીને, અરજદારે વિદ્ધાન ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, વડોદરા દ્ધારા ઈન્ક્વાયરી નં. ૦/૧૦૨૭/૨૦૧૩ માં પસાર કરાયેલા તારીખ ૧૧.૧૧.૨૦૧૪ ના હુકમ તેમજ સમન્સ જારી કરવાના હુકમ, જે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૫૦૦ હેઠળના કથિત ગુના માટે ક્રિમિનલ કેસ નં. ૪૪૯૮૫/૨૦૧૩ માં પરિણમ્યો હતો, તેને રદબાતલ અને બાતલ ઠેરવવાની દાદ માંગી છે.

૨.

ફરિયાદ પક્ષના કેસની ટૂંકી હકીકતો નીચે મુજબ છે:-

૨.૧.

એવો આક્ષેપ છે કે હાલના અરજદારે ફરિયાદ કરનાર (સામાવાળા નં. ૨) વિરુદ્ધ એવો આક્ષેપ કરીને ઈન્ડિયન પીનલ કોડની કલમ ૫૦૦ હેઠળનો ગુનો કર્યો છે કે જ્યારે તેણી પોલીસ કસ્ટડી / રિમાન્ડ પર હતી ત્યારે તેણી પર થયેલા કસ્ટોડિયલ બળાત્કારની ઘટનાના તેઓ સાક્ષી હતા. વધુમાં, અન્ય આક્ષેપ એવો છે કે હાલના ફરિયાદ કરનારે પક્ષકારો વચ્ચેના રાજકોટ જમીન વિવાદનો નિકાલ કરવા માટે અરજદાર પર દબાણ કર્યું હતું. એવો વધુ આક્ષેપ છે કે હાલના અરજદારે પત્રકાર પરિષદ બોલાવી હતી અને અરજદારના કસ્ટોડિયલ રિમાન્ડ દરમિયાન બનેલી સમગ્ર ઘટનાનું વર્ણન કરીને ફરિયાદ કરનારને બદનામ કર્યા છે.

૨.૨.

હાલના અરજદારની એવી દલીલ છે કે તારીખ ૨૧.૦૫.૨૦૧૨ ના રોજ,

ગાયત્રીનગર કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડના સભ્યો પૈકીના એકના પાવર-ઓફ-એટર્ની ધારક તરીકેની પોતાની ક્ષમતામાં એક શ્રી દિવ્યાંગ ઝા દ્વારા સી.આઈ.ડી. ક્રાઈમ, ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જે સી.આર. નં. આઈ-૫/૨૦૧૨ તરીકે નોંધાઈ હતી અને તેમાં અરજદાર અને અન્ય કેટલાક આરોપીઓ વિરુદ્ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૮, ૪૭૧, ૪૭૭(એ) અને ૧૨૦-બી હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે એફ.આઈ.આર. નોંધવામાં આવી હતી. સદર એફ.આઈ.આર. નોંધાયા બાદ, અરજદારની તારીખ ૨૩.૦૫.૨૦૧૨ ના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને તારીખ ૨૪.૦૫.૨૦૧૨ ના રોજ સંબંધિત વિદ્વાન મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા અને વિદ્વાન મેજિસ્ટ્રેટે તારીખ ૨૯.૦૫.૨૦૧૨ સુધી પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા હતા.

૨.૩.

એવી રજૂઆત કરવામાં આવી છે કે ત્યાર બાદ, તેણીએ આ કોર્ટ સમક્ષ ક્રિમિનલ મિસ. અપ્લિકેશન નં. ૭૬૮૦/૨૦૧૨ દાખલ કરીને નિયમિત જામીન અપ્લિકેશન દાખલ કરી હતી, જેમાં તેણીને સી.આઈ.ડી. ક્રાઈમ, ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલી ઉપરોક્ત એફ.આઈ.આર. ના સંબંધમાં જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા.

૨.૪.

તારીખ ૧૪.૦૭.૨૦૧૨ ના રોજ, તેણીએ તારીખ ૨૪.૦૫.૨૦૧૨ થી

૨૯.૦૫.૨૦૧૨ સુધીના પોતાના રિમાન્ડ સમયગાળા દરમિયાન પોતાની પર થયેલા કસ્ટોડિયલ બળાત્કાર અંગે પોલીસ ઈન્સ્પેક્ટર (ઇન-ચાર્જ), મેઘાણીનગર પોલીસ સ્ટેશન સમક્ષ લેખિત ફરિયાદ મોકલી આપી હતી. એવો આક્ષેપ છે કે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૭૬ અને ૧૨૦-બી હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે એફ.આઈ.આર. નોંધવા માટે અરજદાર દ્વારા કરવામાં આવેલા પ્રયાસો છતાં, તેણીની વિનંતી પર કોઈ ધ્યાન આપવામાં આવ્યું ન હતું અને તેણી તારીખ ૧૪.૦૭.૨૦૧૨ ની ફરિયાદમાં કરેલા પોતાના આક્ષેપો અનુસાર એફ.આઈ.આર. નોંધવાની દાદ માંગતી સ્પેશિયલ ક્રિમિનલ અપ્લિકેશન નં. ૨૨૦૬/૨૦૧૨ દાખલ કરીને આ કોર્ટનો સંપર્ક કરવા મજબૂર બન્યા હતા. આ કોર્ટ દ્વારા સદર સ્પેશિયલ ક્રિમિનલ અપ્લિકેશન ફગાવી દેવામાં આવી હતી અને આ કોર્ટના તે હુકમ સામે, તેણીએ સર્વોચ્ચ અદાલત સમક્ષ એસએલપી (ક્રિ.) નં. ૯૨૫૬/૨૦૧૨ દાખલ કરીને સ્પેશિયલ લીવ પિટિશન કરી હતી, જેમાં તારીખ ૦૧.૦૭.૨૦૧૩ ના હુકમ દ્વારા સદર એસ.એલ.પી. ફગાવી દેવામાં આવી હતી.

૨.૫.

અરજદારે એવી રજૂઆત કરી છે કે તારીખ ૨૩.૧૧.૨૦૧૩ ના રોજ, એક શ્રી દિવ્યાંગ ઝા દ્વારા વિદ્વાન ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ સમક્ષ અરજદાર અને અન્ય આરોપીઓ વિરુદ્ધ એવા આક્ષેપના આધારે કે હાલના અરજદારે કસ્ટોડિયલ બળાત્કારની ઘટના અંગે ખોટા નિવેદનો કર્યા છે અને સોગંદ પર ખોટું નિવેદન કર્યું છે, ઈન્ડિયન પીનલ કોડની કલમ ૧૦૭, ૧૦૯,

૧૮૨, ૧૯૫, ૨૦૦, ૨૧૧, ૫૦૩, ૫૧૧ અને ૧૨૦-બી હેઠળના ગુનાનો આક્ષેપ કરતી ઈન્ક્વાયરી નં. ૯/૨૦૧૩ નામની એક ફરિયાદ દાખલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વિદ્વાન મેજિસ્ટ્રેટ દ્વારા સદર ફરિયાદ ફગાવી દેવામાં આવી હતી અને વિદ્વાન ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટના હુકમથી નારાજ થઈને ફરિયાદ કરનાર દ્વારા ક્રિમિનલ રિવિઝન અપ્લિકેશન નં. ૭૩૫/૨૦૧૩ દાખલ કરવામાં આવી હતી અને તારીખ ૨૦.૧૨.૨૦૧૩ ના વાદગ્રસ્ત હુકમથી સદર રિવિઝન અપ્લિકેશન મંજૂર કરવામાં આવી હતી તથા વિદ્વાન ટ્રાયલ કોર્ટને ઈન્ડિયન પીનલ કોડની કલમ ૧૯૫ ના પ્રકાશમાં નવેસરથી નિર્ણય કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. તે હુકમને અનુસરીને, સંબંધિત વિદ્વાન મેજિસ્ટ્રેટે તારીખ ૨૯.૦૪.૨૦૧૪ ના હુકમથી સદર ઈન્ક્વાયરી કેસ નં. ૯/૨૦૧૩ ફગાવી દીધો હતો અને તે હુકમ સામે, આ કોર્ટ સમક્ષ ક્રિમિનલ રિવિઝન અપ્લિકેશન નં. ૨૯૭/૨૦૧૪ પેન્ડિંગ છે.

૨.૬.

અરજદારે એવી પણ રજૂઆત કરી છે કે સદર ક્રિમિનલ રિવિઝન અપ્લિકેશન નં. ૨૯૭/૨૦૧૪ માં, મૂળ ફરિયાદ કરનારે હાલના વિવાદમાં બે વકીલોને સંડોવવાનો પ્રયાસ કર્યો હતો અને ક્રિમિનલ મિસ. અપ્લિકેશન નં. ૧૧૩૬૧/૨૦૧૪ દાખલ કરી હતી, જેને આ કોર્ટ દ્વારા તારીખ ૨૦.૦૯.૨૦૧૪ ના રોજ નામંજૂર કરવામાં આવી હતી.

૨.૭.

ઉપરોક્ત હકીકતોનું વર્ણન કરીને, હાલના અરજદારે એવી રજૂઆત કરી છે કે તેમની વિરુદ્ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૫૦૦ હેઠળના ગુના માટેની વાદગ્રસ્ત ફરિયાદ તદ્દન અસ્પષ્ટ, ગેરકાયદેસર અને ખોટી છે અને તેને રદબાતલ અને બાતલ ઠેરવવી જરૂરી છે. તેણીએ એવી પણ દલીલ કરી હતી કે હાલની ફરિયાદમાંથી ઈન્ડિયન પીનલ કોડની કલમ ૫૦૦ હેઠળનો ગુનો બનતી હોય તેવી કોઈ હકીકત ફલિત થતી નથી. અરજદાર દ્વારા એવી રજૂઆત કરવામાં આવી છે કે પોતાની એફ.આઈ.આર. નોંધાવવાના તેમના પ્રયાસો નિષ્ફળ ગયા છે પરંતુ, આ કોર્ટ તેમજ સર્વોચ્ચ અદાલત દ્વારા કેટલાક અવલોકનો કરવામાં આવ્યા છે અને તેનું મહત્વ છે તથા સર્વોચ્ચ અદાલત દ્વારા સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે તે તેની સમક્ષ કરવામાં આવેલી હાલના અરજદારની ફરિયાદને ઓછી આંકી રહી નથી. એવી દલીલ છે કે, તેથી, અન્ય અદાલતો સમક્ષ પોતાની લેખિત ફરિયાદમાં અરજદાર દ્વારા કરવામાં આવેલા આક્ષેપોએ કોઈ આખરીતા પ્રાપ્ત કરી નથી અને તેથી, અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદને ખોટી અને ઉપજાવી કાઢેલી જાહેર કરતો કોઈ નિર્ણય નથી. એવી દલીલ કરવામાં આવી છે કે અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ ખોટી છે તેવું કોઈ ન્યાયિક નિર્ધારણ થયું ન હોવાથી, અરજદારે ફરિયાદ કરનાર – હાલના સામાવાળા નં. ૨ સામે આક્ષેપો કરીને તેમને બદનામ કર્યા છે તેમ કહી શકાય નહીં. અરજદારના જણાવ્યા મુજબ, પક્ષકારો વચ્ચેના જમીન વિવાદનો નિકાલ કરવા માટે હાલના અરજદાર પર દબાણ લાવવાની આ શ્રી દિવ્યાંગ ઝા

અને અન્ય લોકોની દબાણની યુક્તિ છે. એવી વધુ રજૂઆત કરવામાં આવી છે કે પક્ષકારો વચ્ચે અમુક જમીન વિવાદો અને આવા જમીન વિવાદમાંથી ઉદ્ભવતા મુકદ્દમા ચાલી રહ્યા છે અને જેના કારણે, અરજદારને હેરાન કરવા અને મામલાનો નિકાલ કરવા માટે તેમના પર દબાણ લાવવા અર્થે બિનજરૂરી રીતે તેમની સામે એક પછી એક ફરિયાદ નોંધવામાં આવી રહી છે. અરજદારે ખાસ કરીને એવી દલીલ ઉઠાવી છે કે શ્રી દિવ્યાંગ ઝા તમામ મુકદ્દમાઓનું નિરીક્ષણ કરી રહ્યા છે તે અસરની તેમની કાર્યપદ્ધતિ (modus operandi) જોવી જરૂરી છે. તેમની ફરિયાદ ફગાવી દેવામાં આવી છે જેના કારણે, અરજદાર સામે હાલના સ્વરૂપમાં બીજી ફરિયાદ નોંધવામાં આવી છે અને આ ફરિયાદ કરનાર અને તેમના સાથીદારો દ્વારા અપનાવવામાં આવેલી દબાણની યુક્તિ સિવાય બીજું કંઈ નથી અને આ આધારો પર, અરજદાર દ્વારા એવી રજૂઆત કરવામાં આવી છે કે તેમની સામેની સમગ્ર કાર્યવાહી રદબાતલ અને બાતલ ઠેરવવામાં આવે.

૩.

સામાવાળા નં. ૨ – મૂળ ફરિયાદ કરનાર – અરવિંદભાઈ તે દ્વારકાદાસ જાનીના પુત્ર એ સોગંદનામા પર જવાબ દાખલ કર્યો છે. તેમણે હાલની પિટિશનનો વિરોધ કર્યો છે અને એવી દલીલ કરી છે કે અરજદારે પોતે ભારતના રાષ્ટ્રીય નાગરિક હોવાનું ખોટું નિવેદન કર્યું છે જ્યારે, ઈન્ડિયન પીનલ કોડની કલમ ૧૨૦-બી સાથે વંચાણે લેતાં કલમ ૩૭૬ હેઠળની પોતાની ફરિયાદના સંબંધમાં પોલીસ ઇન્સ્પેક્ટરને લખેલા પોતાના તમામ પત્રોમાં, તેણીએ જણાવ્યું છે કે તેણી યુ.એસ. ના નાગરિક છે અને કાયમી ધોરણે યુ.એસ. માં સ્થાયી થયા છે. તેમના

જણાવ્યા મુજબ, જ્યાં સુધી અરજદારનો સંબંધ છે ત્યાં સુધી ભારતના બંધારણ હેઠળ ખાતરી આપવામાં આવેલા કોઈપણ મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થયું નથી અને ઉપરોક્ત આધાર પર, પિટિશન પોતે જ ટકવાપાત્ર નથી.

૩.૧

એવું જણાવવામાં આવ્યું છે કે વિદ્વાન ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ તેમની ફરિયાદ યોગ્ય છે અને બધું ચકાસ્યા પછી, વિદ્વાન મેજિસ્ટ્રેટને પ્રોસેસ જારી કરવા માટેનો પ્રથમદર્શી કેસ જણાયો છે અને વિદ્વાન મેજિસ્ટ્રેટનો હુકમ કાયદેસરનો છે. તેમણે એવી પણ દલીલ કરી હતી કે સદર ઇન્કવાયરી કેસ પુરાવાના તબક્કે છે કારણ કે વિદ્વાન ટ્રાયલ કોર્ટે કેફિયત નોંધી લીધી છે અને પુરાવા લેવા માટે મુલતવી રાખ્યો છે. એવી દલીલ કરવામાં આવી છે કે પુરાવા નોંધવાના તબક્કે, આ કોર્ટ કોડની કલમ ૪૮૨ હેઠળ હાલની પિટિશન ધ્યાને લઈ શકે નહીં. તેમના જણાવ્યા મુજબ, ઈન્ડિયન પીનલ કોડની કલમ ૫૦૦ ના તમામ ઘટકો સતોષાય છે અને વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ પ્રથમદર્શી સામગ્રી મોજૂદ છે. શ્રી દિવ્યાંગ ઝા દ્વારા દાખલ કરવામાં આવેલી અન્ય ફરિયાદની હકીકતો અંગે, એવું જણાવવામાં આવ્યું છે કે તે હકીકતો અપ્રસ્તુત છે અને હાલના કેસની હકીકતો સાથે તેને કોઈ લેવાદેવા નથી. એવી રજૂઆત કરવામાં આવી છે કે હાલની પિટિશન દાખલારૂપ ખર્ચ સાથે ફગાવી દેવી જરૂરી છે.

૪.

અરજદાર તરફથી વિદ્વાન વકીલ શ્રી પાર્થ કોન્ટ્રાક્ટર વતી ઉપસ્થિત રહેલા

વિદ્વાન વકીલ શ્રી જે.એસ. ઉનવાલા, સામાવાળા નં. ૧ - રાજ્ય તરફથી વિદ્વાન એ.પી.પી. સુશ્રી મોનાલી ભટ્ટ અને સામાવાળા નં. ૨ – ફરિયાદ કરનાર તરફથી વિદ્વાન વકીલ સુશ્રી મોહિની ભાવસાર સાથે વિદ્વાન વકીલ શ્રી ભરત જાનીને વિગતવાર સાંભળવામાં આવ્યા. આ બાબત સાથે મૂકવામાં આવેલી સામગ્રીનું અવલોકન કર્યું. અદાલત સમક્ષ ટાંકવામાં આવેલા ચુકાદાઓ ધ્યાને લીધા.

૫.

અરજદાર તરફથી વિદ્વાન વકીલ શ્રી જે.એસ. ઉનવાલાએ હાલની પિટિશનમાં વર્ણવવામાં આવેલી તે જ હકીકતો ભારપૂર્વક રજૂ કરી છે. ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૯ ના અપવાદ ૮ અને ૯ નો સંદર્ભ આપતાં, તેમણે એવી દલીલ કરી છે કે પોતાની સાથે થયેલા કસ્ટોડિયલ બળાત્કાર માટે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૭૬ હેઠળના કથિત ગુના અંગે અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલી લેખિત ફરિયાદ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૯ ના ઉપરોક્ત અપવાદોની મર્યાદામાં આવે છે. તેમણે એવી પણ રજૂઆત કરી હતી કે માત્ર આ કોર્ટ સમક્ષ અને સર્વોચ્ચ અદાલત સમક્ષ પિટિશન દાખલ કરવાથી ફરિયાદ કરનારની બદનક્ષીનો કોઈ કેસ બનતો નથી. તેમણે એવી દલીલ કરી છે કે સામાવાળા નં. ૨ અને અન્ય લોકો વિરુદ્ધ અરજદાર દ્વારા કરવામાં આવેલી લેખિત ફરિયાદ જાહેર સત્તાધિકારીને કરવામાં આવી છે અને ફરિયાદ પોલીસ ઈન્સ્પેક્ટર, મેઘાણીનગર પોલીસ સ્ટેશનને સંબોધવામાં આવી હતી અને તેથી, જો કોઈ વ્યક્તિ આરોપી દ્વારા કરવામાં આવેલા કોઈપણ ગુનાનો આક્ષેપ કરીને જાહેર સત્તાધિકારીનો સંપર્ક કરે તો બદનક્ષી થઈ શકે નહીં. તેમણે એવી દલીલ કરી છે કે

હાલના અરજદાર દ્વારા નોંધાવવામાં આવેલી લેખિત ફરિયાદથી કોઈની પણ બદનક્ષી થઈ શકે નહીં. તેમના જણાવ્યા મુજબ, મીડિયા – પ્રેસે અરજદારની ફરિયાદની વિગતો પ્રેસ રિપોર્ટ તરીકે પ્રકાશિત કરી હતી અને તે હાલના અરજદારના કહેવાથી ન હતી. તેમણે એવી પણ દલીલ કરી છે કે પ્રેસ રિપોર્ટના પ્રકાશન દરમિયાન, અરજદાર કસ્ટડીમાં હોવાથી તેમની પાસે જાહેર સભાને સંબોધવાની કોઈ તક ન હતી. એક શ્રી દિવ્યાંગ ઝા દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ અને તેની કાર્યવાહી આ કોર્ટ સુધી પહોંચી અને આખરે સદર શ્રી ઝા ની ખાનગી ફરિયાદ ફગાવી દેવામાં આવી તે અંગે આ બાબત સાથે મૂકવામાં આવેલી સામગ્રીનો સંદર્ભ આપતાં, વિદ્વાન વકીલ શ્રી ઉનવાલાએ એવી રજૂઆત કરી છે કે આ તમામ હકીકતો સૂચવે છે કે સદર શ્રી દિવ્યાંગ ઝાએ હાલના સામાવાળા નં. ૨ અને અન્ય લોકો સાથે મળીને, પક્ષકારો વચ્ચે ઉદ્‌ભવેલા જમીન વિવાદનો નિકાલ કરવા માટે અરજદાર પર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો છે.

૫.૧

પોતાની ફરિયાદ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૭૬ વગેરે હેઠળ નોંધવા માટે સત્તાધિકારીને નિર્દેશ આપવાની પોતાની અરજ નકારતા આ કોર્ટના હુકમ સામે અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલી એસ.એલ.પી. સંબંધિત સર્વોચ્ચ અદાલતના અવલોકનોનો સંદર્ભ આપતાં, તેમણે એવું પણ જણાવ્યું છે કે સર્વોચ્ચ અદાલતે પણ પ્રથમદર્શી રીતે માન્યું છે કે ગંભીર ગુનો બન્યો છે અને તેથી, પોલીસ સત્તાધિકારીને કરેલી પોતાની લેખિત ફરિયાદમાં અરજદાર દ્વારા

કરવામાં આવેલા આક્ષેપને સામાવાળા નં. ૨ ની બદનક્ષી તરીકે ગણાવી શકાય નહીં. તેમના જણાવ્યા મુજબ, આ તથ્યપૂર્ણ પાસાઓ અને રેકર્ડ પર મૂકવામાં આવેલી સામગ્રીને ધ્યાનમાં રાખીને, વિદ્વાન ટ્રાયલ કોર્ટે ગુનાની સંજ્ઞાન લેવી જોઈતી ન હતી અને ઈન્ડિયન પીનલ કોડની કલમ ૫૦૦ હેઠળના કથિત ગુના માટે સમન્સ જારી કરવામાં નોંધપાત્ર ભૂલ કરી છે. નીચે મુજબના ચુકાદાઓ પર આધાર રાખીને, અરજદાર તરફથી વિદ્વાન વકીલ શ્રી જે.એસ. ઉનવાલાએ પિટિશન મંજૂર કરવા અને ઈન્ડિયન પીનલ કોડની કલમ ૫૦૦ હેઠળના કથિત ગુના માટે સામાવાળા નં. ૨ દ્વારા શરૂ કરવામાં આવેલી ફોજદારી કાર્યવાહી રદ કરવા રજૂઆત કરી છે.

(૧) કનવલ લાલ વિરુદ્ધ પંજાબ અને હરિયાણા રાજ્ય, એ.આઇ.આર. ૧૯૬૩ એસસી ૧૩૧૭;

(૨) રાજેન્દ્ર કુમાર સીતારામ પાંડે અને અન્ય વિરુદ્ધ ઉત્તમ અને અન્ય, (૧૯૯૯) ૩ એસસીસી ૧૩૪;

(૩) વી. પલાની વિરુદ્ધ એસ.પી. ચંદ્રબોઝ, ૨૦૦૩ સી.આર.એલ.જે. ૨૫૯૪;

(૪) વિનોદ દત્તાત્રય સામેલ વિરુદ્ધ રવાજીભાઈ એમ. પટેલ, ૧૯૯૩(૩) ક્રાઈમ્સ (એચસી) ૬૯૬;

(૫) જેફરી જે. ડીયરમીઅર અને અન્ય વિરુદ્ધ પશ્ચિમ બંગાળ રાજ્ય અને અન્ય, (૨૦૧૦) ૬ એસસીસી ૨૪૩;

(૬) ચંદ્રકાંત જે. પટેલ વિરુદ્ધ વી.એન. શ્રીવાસ્તવ, ૨૦૧૧(૩૩૯) આઇ.ટી.આર. ૩૧૦;

(૭) ચેરમેન, રેલ્વે બોર્ડ અને અન્ય વિરુદ્ધ ચંદ્રિમા દાસ (શ્રીમતી) અને અન્ય, (૨૦૦૦) ૨ એસસીસી ૪૬૫;

(૮) હરભજન સિંહ વિરુદ્ધ પંજાબ રાજ્ય અને અન્ય, એ.આઈ.આર. ૧૯૬૬ એસસી ૯૭;

(૯) હરિયાણા રાજ્ય અને અન્ય વિરુદ્ધ ભજન લાલ અને અન્ય, ૧૯૯૨ સપ્લિ. (૧) એસસીસી ૩૩૫ અને;

(૧૦) શ્રી લક્ષ્મણ જયરામ માલવણકર વિરુદ્ધ શ્રીમતી રેશ્મા રમેશ નાર્વેકર, ૨૦૧૨ એસસીસી ઓનલાઈન બોમ્બે ૭૪૭.

૬.

તેનાથી વિપરીત, રાજ્ય તરફથી વિદ્વાન એ.પી.પી. સુશ્રી મોનાલી ભટ્ટે એવી રજૂઆત કરી છે કે રેકર્ડ પરની સામગ્રીની ચકાસણી કર્યા પછી, વિદ્વાન ટ્રાયલ કોર્ટે પ્રોસેસ જારી કરી છે અને તેથી, આ તબક્કે, કોડની કલમ ૪૮૨ હેઠળની સત્તાઓનો ઉપયોગ કરવો જોઈએ નહીં. પોતાની દલીલ દરમિયાન, તેમણે (૨૦૧૮) ૧૩ એસસીસી ૬૦૯ માં અહેવાલ થયેલા પ્રભુ દત્ત તિવારી વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય ના કેસમાં આપેલા ચુકાદા પર આધાર રાખ્યો છે.

૭.

સામાવાળા નં. ૨ – મૂળ ફરિયાદ કરનાર તરફથી વિદ્વાન વકીલ શ્રી ભરત જાનીએ હાલની પિટિશનનો સખત વિરોધ કર્યો છે અને એવી રજૂઆત કરી છે કે હાલના અરજદાર ભારતના નાગરિક નથી અને છતાં, તેમણે પિટિશનમાં પોતે

ભારતના નાગરિક હોવાનું વર્ણન કર્યું છે જ્યારે, પોલીસ સત્તાધિકારી સમક્ષ અને તમામ પત્રવ્યવહારમાં, તેણીએ વર્ણન કર્યું છે કે તેણી યુ.એસ. ના નાગરિક છે અને યુ.એસ. માં સ્થાયી થયા છે તે ટેકનિકલ આધાર પર પિટિશન પોતે જ ટકવાપાત્ર નથી. તેથી, તેમના જણાવ્યા મુજબ, અરજદારના કોઈપણ મૂળભૂત અધિકારનો ભંગ થયો નથી અને તેથી, તેણી ભારતના બંધારણની જોગવાઈઓ હેઠળ કોઈપણ પ્રકારની દાદ મેળવી શકે નહીં.

૭.૧

રેકર્ડ પર મૂકવામાં આવેલી સામગ્રીનો સંદર્ભ આપતાં, સામાવાળા નં. ૨ તરફથી વિદ્વાન વકીલ શ્રી ભરત જાનીએ એવી રજૂઆત કરી છે કે જ્યારે અરજદારે પોતાની કથિત ફરિયાદ નોંધવા માટે આ કોર્ટનો સંપર્ક કર્યો ત્યારે આ કોર્ટે તે નકારી કાઢ્યો હતો અને આ કોર્ટના હુકમ સામે, જ્યારે તેણીએ સર્વોચ્ચ અદાલત સમક્ષ એસ.એલ.પી. દાખલ કરી ત્યારે સર્વોચ્ચ અદાલતે પણ તેને ફગાવી દીધી હતી. તેમણે એવી દલીલ કરી છે કે સમગ્ર કાર્યવાહી પેન્ડિંગ હોવા દરમિયાન, અરજદારે પ્રેસ સમક્ષ ઇન્ટરવ્યુ આપ્યો હતો અને તે રીતે જાહેરમાં આક્ષેપો કર્યા હતા. તેમણે દલીલ કરી હતી કે વિવિધ અખબારોએ હાલના સામાવાળા નં. ૨ સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૭૬ હેઠળના કથિત ગુના માટે અરજદારની સમગ્ર લેખિત ફરિયાદની વિગતો અહેવાલ કરી હતી અને તે સામાવાળા નં. ૨ દ્વારા ઈન્ડિયન પીનલ કોડની કલમ ૫૦૦ હેઠળ દાખલ કરવામાં આવેલી ફરિયાદનો આધાર છે.

૭.૨

એક શ્રી દિવ્યાંગ ઝા સામે કરવામાં આવેલા આક્ષેપો અને તેમની કાર્યવાહીનો સંદર્ભ આપતાં, સામાવાળા નં. ૨ તરફથી વિદ્વાન વકીલ શ્રી ભરત જાનીએ ભારપૂર્વક એવી રજૂઆત કરી છે કે તે મુકદ્દમાઓને હાલના અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલી હાલની ફરિયાદ સાથે કોઈ લેવાદેવા નથી કારણ કે અન્ય આરોપીઓ દ્વારા કરવામાં આવેલા કસ્ટોડિયલ બળાત્કાર અંગે અને તે સમયે હાલના આરોપી ત્યાં હાજર હતા તે અંગે હાલના અરજદાર દ્વારા કરવામાં આવેલા ખોટા આક્ષેપોથી સામાવાળા નં. ૨ ની સમાજમાં વ્યાપકપણે બદનક્ષી થઈ છે. તેમણે એવી પણ દલીલ કરી છે કે આ કેસ કોડની કલમ ૪૯૯ ના અપવાદ ૮ અને ૯ હેઠળ આવતો નથી. તેમના જણાવ્યા મુજબ, વાદગ્રસ્ત ફરિયાદ સાથે મૂકવામાં આવેલી સામગ્રી સ્પષ્ટપણે સ્થાપિત કરે છે કે બદનક્ષીનો પ્રથમદર્શી કેસ બને છે અને રેકર્ડ પર મૂકવામાં આવેલી સામગ્રીનું અવલોકન કર્યા પછી અને ફરિયાદની તપાસ કર્યા પછી, વિદ્વાન ટ્રાયલ કોર્ટે હાલના અરજદાર વિરુદ્ધ પ્રોસેસ જારી કરી છે અને તેથી, આ એવો તબક્કો નથી કે જ્યાં કોડની કલમ ૪૮૨ હેઠળની અંતર્ગત સત્તાઓનો ઉપયોગ કરી શકાય. તેમણે એવી દલીલ કરી હતી કે ફોજદારી કાર્યવાહી પુરાવા નોંધવાના તબક્કે પેન્ડિંગ છે અને વિદ્વાન ટ્રાયલ કોર્ટને પુરાવા નોંધવા દેવા જોઈએ અને ત્યાર બાદ કેસનો નિર્ણય કરવા દેવો જોઈએ.

૭.૩

ફરિયાદનો સંદર્ભ આપતાં, સામાવાળા નં. ૨ તરફથી વિદ્વાન વકીલ શ્રી ભરત

જાનીએ એવી રજૂઆત કરી છે કે અરજદારે એવું ખોટું નિવેદન કર્યું છે કે જ્યારે પ્રેસ નોટ જાહેર કરવામાં આવી ત્યારે તેણી જેલમાં હતી અને જણાવ્યું હતું કે આ કોર્ટના તારીખ ૧૧.૦૭.૨૦૧૨ ના હુકમના કારણે તેણી અગાઉથી જ જામીન પર મુક્ત હતી. તેમના જણાવ્યા મુજબ, પોતાની મુક્તિ પછી, તેણીએ પ્રેસને ઈન્ટરવ્યુ આપ્યો હતો અને તે ઈન્ટરવ્યુ તથા લેખિત ફરિયાદના આધારે પ્રેસે સમગ્ર અહેવાલ પ્રકાશિત કર્યો હતો. તેમના જણાવ્યા મુજબ, تمام અખબારોએ હાલના અરજદારના કહેવાથી સમાચાર પ્રકાશિત કર્યા હતા અને સામાન્ય જનતાએ તેને અખબારોમાં વાંચ્યા હતા અને ડિજિટલ મીડિયા પર પણ જોયા હતા. તેમના જણાવ્યા મુજબ, હાલના અરજદાર દ્વારા હાલના સામાવાળા નં. ૨ સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૭૬ હેઠળના ગુના માટે કરવામાં આવેલા આક્ષેપો બદનક્ષીકારક પ્રકૃતિના છે.

૭.૪

ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૯ નો સંદર્ભ આપતાં, વિદ્વાન વકીલ શ્રી ભરત જાનીએ એવી દલીલ કરી હતી કે અરજદાર માટે સામાવાળા નં. ૨ સામે કથિત ગંભીર ગુના માટે ફરિયાદ દાખલ કરવાનું કોઈ કારણ ન હતું અને ફરિયાદ કરનાર એટલે કે હાલના અરજદાર દ્વારા કરવામાં આવેલી લેખિત ફરિયાદ શુદ્ધબુદ્ધિપૂર્વકની નથી. તેમણે એવી પણ દલીલ કરી હતી કે સામાવાળા નં. ૨ - મૂળ ફરિયાદ કરનાર દ્વારા તેમના સોગંદનામા પરના જવાબોમાં જે કંઈ જણાવવામાં આવ્યું છે તેનું હાલના અરજદાર દ્વારા પ્રત્યુત્તર સોગંદનામું (રેજોઈન્ડર) દાખલ કરીને ખંડન કરવામાં આવ્યું નથી. તેમના જણાવ્યા મુજબ,

ટ્રાયલમાં બચાવના માધ્યમથી અરજદારને તમામ આક્ષેપોનું ખંડન કરવાની તક મળશે અને વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાના આક્ષેપો અને બચાવ રજૂ કરવા માટે બંને પક્ષોને છૂટ આપવી જરૂરી છે. તેમના જણાવ્યા મુજબ, વિદ્વાન ટ્રાયલ કોર્ટે માત્ર સમન્સ જારી કર્યા હોવાથી આ એક અપરિપક્વ તબક્કો છે. તેમણે એવી પણ દલીલ કરી છે કે હાલના કેસની હકીકતો અને સંજોગોને ધ્યાને લેતાં, ટ્રાયલ ચલાવવી જરૂરી છે જે આ પિટિશન દાખલ થવાને કારણે આગળ વધી નથી. તેમણે એવી પણ દલીલ કરી હતી કે અરજદાર વિરુદ્ધ પ્રોસેસ જારી કરવામાં વિદ્વાન ટ્રાયલ જજ દ્વારા કોઈ ગેરકાયદેસરતા આચરવામાં આવી નથી અને જ્યારે વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા આવી કોઈ ગેરકાયદેસરતા કરવામાં આવી નથી, ત્યારે આ કોર્ટ ફરિયાદ રદ કરવા માટે કોડની કલમ ૪૮૨ હેઠળની અંતર્ગત સત્તાઓનો ઉપયોગ કરી શકે નહીં. નીચે મુજબના ચુકાદાઓ પર આધાર રાખીને, તેમણે હાલની પિટિશન ફગાવી દેવા અરજ કરી છે:-

(૧) એમ.એ. રુમુગમ વિરુદ્ધ કિટ્ટુ ઉર્ફે કૃષ્ણામૂર્તિ, (૨૦૦૯) ૧ એસસીસી ૧૦૧;

(૨) બિક્રમજીત આહલુવાલિયા અને અન્ય વિરુદ્ધ સિમરન આહલુવાલિયા અને અન્ય, ૨૦૧૫ એસસીસી ઓનલાઈન દિલ્હી ૯૨૪૨;

(૩) રોહિણી સિંહ, સ્વ. શ્રી એમ.બી. સિંહના પુત્રી અને ૬ વિરુદ્ધ ગુજરાત રાજ્ય અને ૧, ૨૦૧૮ એસસીસી ઓનલાઈન ગુજરાત ૨૦૯;

(૪) જેફરી જે. ડીયરમીઅર અને અન્ય વિરુદ્ધ પશ્ચિમ બંગાળ રાજ્ય અને અન્ય, (૨૦૧૦) ૬ એસસીસી ૨૪૩;

(૫) સેવકરામ સોભાણી વિરુદ્ધ આર.કે. કરંજિયા, મુખ્ય તંત્રી, સાપ્તાહિક બ્લિટ્ઝ અને અન્ય, (૧૯૮૧) ૩ એસસીસી ૨૦૮;

૮.

રાજ્ય તરફથી વિદ્વાન એ.પી.પી. સુશ્રી મોનાલી ભટ્ટ તેમજ સામાવાળા નં. ૨ - મૂળ ફરિયાદ કરનાર તરફથી વિદ્વાન વકીલ શ્રી ભરત જાની દ્વારા કરવામાં આવેલી રજૂઆતોના જવાબમાં, અરજદાર તરફથી વિદ્વાન વકીલ શ્રી જે.એસ. ઉનવાલાએ એવી રજૂઆત કરી છે કે તેમના પક્ષકાર સોગંદનામું દાખલ કરવા અને પોતે ભારતના નાગરિક હોવાના શબ્દો દૂર કરવા માટે તૈયાર છે, કારણ કે આ કોર્ટમાં પિટિશન દાખલ કરવાની સામાન્ય પ્રથા તરીકે પિટિશનમાં આ શબ્દો ટાઈપ કરવામાં આવ્યા હતા. તેમણે એવી પણ દલીલ કરી છે કે સામાન્ય વ્યક્તિ તરીકે પોતાના કાનૂની અધિકારોના ભંગ બદલ હાલના અરજદાર સામે શરૂ કરવામાં આવેલી ફોજદારી કાર્યવાહી સામે તેણી અવાજ ઉઠાવી શકે છે અને તે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ તેમજ કોડની કલમ ૪૮૨ હેઠળ ઉપલબ્ધ થઈ શકે છે. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૨૧ નો સંદર્ભ આપતાં, અરજદાર તરફથી વિદ્વાન વકીલ શ્રી જે.એસ. ઉનવાલાએ એવી રજૂઆત કરી છે કે તેમાં રહેલી જોગવાઈઓ કોઈપણ વ્યક્તિ માટે ઉપલબ્ધ છે જે માત્ર ભારતના નાગરિક પૂરતી ઉપલબ્ધ નથી અને તેથી, તેમના જણાવ્યા મુજબ, જોકે અરજદારે અજાણતાં પોતાને ભારતના નાગરિક તરીકે દર્શાવ્યા છે, છતાં તેમની પિટિશન માત્ર આ ટેકનિકલ આધાર પર ફગાવી દેવી જોઈએ નહીં અને પિટિશનમાં પોતે ભારતના નાગરિક હોવા અંગેનું જે કથન

કરવામાં આવ્યું છે તેને દૂર કરવામાં આવે તે મતલબનું જરૂરી સોગંદનામું દાખલ કરવા તેણી તૈયાર છે.

૯.

ભજન લાલ અને અન્ય (ઉપર્યુક્ત) ના કેસમાં, ફકરા ૧૦૨ માં, સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ ઠરાવ્યું છે:-

> *"૧૦૨. પ્રકરણ ૧૪ હેઠળ કોડની વિવિધ સંબંધિત જોગવાઈઓના અર્થઘટનની પૃષ્ઠભૂમિમાં અને અનુચ્છેદ ૨૨૬ હેઠળની અસાધારણ સત્તા અથવા કોડની કલમ ૪૮૨ હેઠળની અંતર્ગત સત્તાઓના ઉપયોગ સંબંધિત શ્રેણીબદ્ધ નિર્ણયોમાં આ અદાલત દ્વારા પ્રતિપાદિત કાયદાના સિદ્ધાંતો, જે અમે ઉપર ઉદ્ધૃત કર્યા છે અને પુનઃઉત્પાદિત કર્યા છે, તેના સંદર્ભમાં અમે દૃષ્ટાંત તરીકે કેસોની નીચેની શ્રેણીઓ આપીએ છીએ કે જેમાં આવી સત્તાનો ઉપયોગ કોઈપણ અદાલતની કાર્યવાહીના દુરુપયોગને રોકવા માટે અથવા અન્યથા ન્યાયના ઉદ્દેશોને સુરક્ષિત કરવા માટે કરી શકાય છે, જોકે કોઈપણ ચોક્કસ, સ્પષ્ટપણે વ્યાખ્યાયિત અને પર્યાપ્ત રીતે સુવ્યવસ્થિત અને અપરિવર્તનશીલ માર્ગદર્શિકા અથવા કડક સૂત્રો નિર્ધારિત કરવાનું અને અસંખ્ય પ્રકારના કેસોની સંપૂર્ણ યાદી આપવાનું શક્ય ન હોઈ શકે કે જેમાં આવી સત્તાનો ઉપયોગ થવો જોઈએ.*
>
> *(૧) જ્યાં પ્રથમ માહિતી અહેવાલ (એફ.આઈ.આર.) અથવા ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો, જો તેઓને તેમના મૂળ સ્વરૂપે લેવામાં આવે*

અને સંપૂર્ણપણે સ્વીકારવામાં આવે તો પણ, પ્રથમદર્શી રીતે કોઈ ગુનો બનતો ન હોય અથવા આરોપી સામે કોઈ કેસ બનતો ન હોય.

(૨) જ્યાં પ્રથમ માહિતી અહેવાલમાં અને એફ.આઈ.આર. સાથેની અન્ય સામગ્રીમાં, જો કોઈ હોય તો, કરવામાં આવેલા આક્ષેપો કોગ્નિઝેબલ ગુનો જાહેર કરતા ન હોય, જે કોડની કલમ ૧૫૫(૨) ની મર્યાદા હેઠળ મેજિસ્ટ્રેટના હુકમ સિવાય કોડની કલમ ૧૫૬(૧) હેઠળ પોલીસ અધિકારીઓ દ્વારા તપાસને વાજબી ઠેરવતા ન હોય.

(૩) જ્યાં એફ.આઈ.આર. અથવા ફરિયાદમાં કરવામાં આવેલા બિન-ખંડિત આક્ષેપો અને તેના સમર્થનમાં એકત્રિત કરવામાં આવેલા પુરાવાઓ કોઈપણ ગુનો આચરવામાં આવ્યો હોવાનું જાહેર કરતા ન હોય અને આરોપી સામે કેસ બનાવતા ન હોય.

(૪) જ્યાં, એફ.આઈ.આર. માં કરવામાં આવેલા આક્ષેપો કોગ્નિઝેબલ ગુનો બનાવતા ન હોય પરંતુ માત્ર નોન-કોગ્નિઝેબલ ગુનો બનાવતા હોય, ત્યાં કોડની કલમ ૧૫૫(૨) હેઠળ વિચાર્યા મુજબ મેજિસ્ટ્રેટના હુકમ વિના પોલીસ અધિંકારી દ્વારા કોઈ તપાસની મ જૂરી નથી.

(૫) જ્યાં એફ.આઈ.આર. અથવા ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો એટલા વાહિયાત અને સ્વાભાવિક રીતે અસંભવિત હોય કે જેના આધારે કોઈ પણ શાણી વ્યક્તિ ક્યારેય એવા વાજબી નિષ્કર્ષ પર ન પહોંચી શકે કે આરોપી સામે આગળ વધવા માટે પૂરતો આધાર છે.

(૬) જ્યાં કાર્યવાહી શરૂ કરવા અને ચાલુ રાખવા માટે કોડ અથવા સંબંધિત

*અધિનિયમની (જે હેઠળ ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે) કોઈપણ જોગવાઈમાં સ્પષ્ટ કાનૂની પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય અને/અથવા જ્યાં વ્યથિત પક્ષકારની ફરિયાદના અસરકારક નિવારણ માટે કોડ અથવા સંબંધિત અધિનિયમમાં ચોક્કસ જોગવાઈ હોય. (૭) જ્યાં ફોજદારી કાર્યવાહી સ્પષ્ટપણે બદદાનતપૂર્વક કરવામાં આવી હોય અને/અથવા જ્યાં કાર્યવાહી ખાનગી અને અંગત અદાવતના કારણે આરોપી સામે બદલો લેવાના અને તેને હેરાન કરવાના બદઈરાદા સાથે દ્વેષપૂર્વક શરૂ કરવામાં આવી હોય."*

૧૦.

***કનવલ લાલ*** (ઉપર્યુક્ત) ના કેસમાં, ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૯ હેઠળના અપવાદ ૮ અને ૯ નો સંદર્ભ આપતાં, સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ અવલોકન કર્યું છે:-

*"૪. આ અપવાદ હેઠળ બચાવ સ્થાપિત કરવા માટે, આરોપીએ સાબિત કરવું પડશે કે જે વ્યક્તિને ફરિયાદ કરવામાં આવી હતી તે વ્યક્તિ ફરિયાદની વિષયવસ્તુના સંબંધમાં જેની સામે ફરિયાદ કરવામાં આવી છે તે વ્યક્તિ પર કાયદેસર સત્તા ધરાવે છે."*

*૫. બીજા શબ્દોમાં કહીએ તો, આક્ષેપ કરનાર વ્યક્તિની શુદ્ધબુદ્ધિ ઉપરાંત, જે વ્યક્તિને આક્ષેપ પહોંચાડવામાં આવે છે તે વ્યક્તિ આક્ષેપ કરનાર વ્યક્તિ સાથે સમાન હિત ધરાવતી હોવી જોઈએ જે આ માહિતીના*

*આદાન-પ્રદાનથી સચવાય છે. આ અપવાદ માત્ર લોર્ડ કેમ્પબેલ, સી.જે. દ્વારા હેરિસન વિરુદ્ધ બુશ (૧) માં નિર્ધારિત સિદ્ધાંતને જ પુનઃઉત્પાદિત કરે છે.*

*"કોઈપણ વિષયવસ્તુ પર શુદ્ધબુદ્ધિપૂર્વક કરવામાં આવેલ સંદેશાવ્યવહાર જેમાં વાતચીત કરનાર પક્ષકાર (૧) (૧૮૫૫) ૫ ઈ. એન્ડ બી. ૩૪૪, ૩૪૮; ૧૧૯ ઈ.આર. ૫૦૯, હિત ધરાવે છે, અથવા જેના સંદર્ભમાં તેની ફરજ છે, તે વિશેષાધિકૃત છે, જો તે સમાન હિત અથવા ફરજ ધરાવતી વ્યક્તિને કરવામાં આવે, ભલે તેમાં ગુનાહિત બાબત હોય જે આ વિશેષાધિકાર વિના બદનક્ષીકારક અને કાનૂની કાર્યવાહીને પાત્ર હોત." અપવાદ ૮ અને ૯ વચ્ચેનો તફાવત એ છે કે જ્યારે અગાઉના અપવાદમાં જે વ્યક્તિને ફરિયાદ કરવામાં આવી છે તે વ્યક્તિ પાસે ફરિયાદની વિષયવસ્તુનો નિકાલ કરવાની અને તે વ્યક્તિ સામે કાર્યવાહી કરવાની કાયદેસર સત્તા હોવી જોઈએ, જ્યારે અપવાદ ૯ માં આવી કોઈ આવશ્યકતા નથી, જ્યાં પોતાના હિતના રક્ષણ માટે એવી વ્યક્તિને વાતચીત કરવામાં આવે જેમાં અન્ય વ્યક્તિ પણ હિત ધરાવતી હોય તો તે પૂરતું છે. આ બાબત અપવાદના દૃષ્ટાંતો દ્વારા જ સ્પષ્ટપણે રજૂ કરવામાં આવી છે.*

૧૧.

***રાજેન્દ્ર કુમાર સીતારામ પાંડે*** (ઉપર્યુક્ત) ના કેસમાં, કેસની હકીકત એ હતી કે

ફરિયાદમાં એવો આક્ષેપ હતો કે આરોપીઓએ ટ્રેઝરી ઓફિસરને એવી અસરવાળા ખોટા આક્ષેપો ધરાવતી ફરિયાદ કરી હતી કે ફરિયાદ કરનાર દારૂ પીધેલી હાલતમાં ઓફિસમાં આવ્યા હતા અને ટ્રેઝરી ઓફિસરને ગાળો આપી હતી. મેજિસ્ટ્રેટે ટ્રેઝરી ઓફિસરને તપાસ હાથ ધરીને અહેવાલ સુપરત કરવા નિર્દેશ આપ્યો હતો અને તદનુસાર, ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી હતી અને ફરિયાદ કરનાર દોષિત જણાયા હતા તે દર્શાવતો ટ્રેઝરી ઓફિસરનો અહેવાલ મેજિસ્ટ્રેટને સુપરત કરવામાં આવ્યો હતો. તે કેસની વિશિષ્ટ હકીકતોને ધ્યાનમાં રાખીને, એવું ઠરાવવામાં આવ્યું હતું કે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૯ નો અપવાદ ૮ લાગુ પડતો હતો અને પ્રથમદર્શી રીતે બદનક્ષીનો કોઈ કેસ બનતો ન હતો. જોકે, તેમાં એવું અવલોકન કરવામાં આવ્યું છે કે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૯ બદનક્ષીના ગુનાની વ્યાખ્યા આપે છે અને કલમ ૫૦૦ આવા ગુના માટેની સજાની જોગવાઈ કરે છે. કલમ ૪૯૯ નો અપવાદ ૮ સ્પષ્ટપણે સૂચવે છે કે કોઈપણ વ્યક્તિ સામે આક્ષેપની વિષયવસ્તુના સંદર્ભમાં તે વ્યક્તિ પર કાયદેસર સત્તા ધરાવતા કોઈપણ વ્યક્તિ સમક્ષ શુદ્ધબુદ્ધિપૂર્વક આક્ષેપ કરવો એ બદનક્ષી નથી.

૧૨.

***વિનોદ દત્તાત્રય સામેલ*** (ઉપર્યુક્ત) ના કેસમાં, આરોપીઓ, જેમની સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૫૦૦ હેઠળ ટ્રાયલ ચલાવવામાં આવી હતી, તેમને ટ્રાયલ કોર્ટ દ્વારા નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા હતા. મૂળ ફરિયાદ કરનાર દ્વારા બોમ્બે હાઇકોર્ટ સમક્ષ તેને પડકારવામાં આવ્યો હતો, જેમાં કેસના તથ્યપૂર્ણ પાસાઓને

ધ્યાનમાં રાખીને એવું ઠરાવવામાં આવ્યું હતું અને અવલોકન કરવામાં આવ્યું હતું કે આ આક્ષેપ કંપનીના હિતના રક્ષણ માટે કરવામાં આવ્યો હતો. તેઓ એવી અદાલત સમક્ષ કરવામાં આવ્યા હતા કે જે ફરિયાદ કરનારની સેવાઓ સમાપ્ત કરવા અંગેના વિવાદોની વિચારણા કરતી હોવાનું માનવામાં આવ્યું હતું અને તે આક્ષેપો શુદ્ધબુદ્ધિપૂર્વક કરવામાં આવ્યા હતા અને સમાપ્તિના હુકમને વાજબી ઠેરવવાના હેતુથી જજ સમક્ષ કરવામાં આવ્યા હતા. તેથી, આરોપી ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૯ ના અપવાદ ૭, ૮ અને ૯ હેઠળ આવરી લેવાયેલ હોવાનું ઠરાવવામાં આવ્યું હતું અને તેથી, આરોપીને ઈન્ડિયન પીનલ કોડની કલમ ૫૦૦ હેઠળના બદનક્ષીના ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યા ન હતા.

૧૩.

***જેફરી જે. ડીયરમીઅર અને અન્ય*** (ઉપર્યુક્ત) ના કેસમાં, નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું:-

> *"૨૩. "વિરલમાંથી વિરલ કેસો" (રેરેસ્ટ ઓફ રેર કેસીસ) ના શબ્દપ્રયોગનો અર્થ, જેનો સંદર્ભ શ્રી વેણુગોપાલ દ્વારા આપવામાં આવ્યો હતો, તે તાજેતરમાં સોમ મિત્તલ (૨) વિરુદ્ધ કર્ણાટક સરકાર માં સમજાવવામાં આવ્યો છે. ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠ વતી બોલતા, માનનીય મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું: (એસસીસી પૃષ્ઠ ૫૮૦-૮૧, ફકરો ૯). '૯. જ્યારે કલમ ૪૮૨ ના વ્યાપનું વર્ણન કરતી વખતે 'ભાગ્યે જ અને સાવચેતીપૂર્વક' શબ્દો પછી 'વિરલમાંથી વિરલ કેસો' શબ્દોનો ઉપયોગ*

કરવામાં આવે છે, ત્યારે તે શબ્દો માત્ર 'ભાગ્યે જ અને સાવચેતીપૂર્વક' શબ્દો દ્વારા જે અભિવ્યક્ત કરવાનો હેતુ છે તેના પર ભાર મૂકે છે અને તેનો પુનરોચ્ચાર કરે છે. તેનો અર્થ એ છે કે કાર્યવાહી રદ કરવા માટે કલમ ૪૮૨ હેઠળની સત્તાનો ઉપયોગ યાંત્રિક રીતે કે સામાન્ય રીતે થવો જોઈએ નહીં, પરંતુ કાળજી અને સાવધાની સાથે, માત્ર ત્યારે જ થવો જોઈએ જ્યારે રદ કરવા માટે સ્પષ્ટ કેસ બનતો હોય અને દખલ ન કરવાથી ન્યાયનો અન્યાય થતો હોય. "વિરલમાંથી વિરલ કેસો" શબ્દપ્રયોગનો ઉપયોગ તે અર્થમાં કરવામાં આવ્યો નથી કે જે અર્થમાં તેનો ઉપયોગ આઈપીસીની કલમ ૩૦૨ હેઠળના ગુનાઓ માટેની સજાના સંદર્ભમાં થાય છે, પરંતુ એ વાત પર ભાર મૂકવા માટે થાય છે કે એફ.આઈ.આર. અથવા ફોજદારી કાર્યવાહી રદ કરવા માટે સીઆરપીસીની કલમ ૪૮૨ હેઠળની સત્તાનો ઉપયોગ ભાગ્યે જ અને સાવચેતીપૂર્વક થવો જોઈએ.'

૨૮. "બદનક્ષી" ની વ્યાખ્યા આઈપીસીની કલમ ૪૯૯ હેઠળ આપવામાં આવી છે. તે નીચે મુજબ વંચાય છે:

'૪૯૯. બદનક્ષી.- જે કોઈ, બોલાયેલા અથવા વંચાય તેવા ઈરાદાપૂર્વકના શબ્દો દ્વારા, અથવા સંકેતો દ્વારા અથવા દૃશ્યમાન રજૂઆતો દ્વારા, આવી વ્યક્તિની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના ઈરાદાથી, અથવા એવું જાણીને અથવા એવું માનવાને કારણ હોવા છતાં કે આવા આક્ષેપથી આવી વ્યક્તિની પ્રતિષ્ઠાને નુકસાન થશે, કોઈપણ વ્યક્તિ વિશે કોઈ

આક્ષેપ કરે છે અથવા પ્રકાશિત કરે છે, તે હવે પછી અપવાદ તરીકે ગણાવેલા કેસો સિવાય, તે વ્યક્તિની બદનક્ષી કરે છે તેમ કહેવાય.'

